## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લા સુરતના તાલુકા ઓલપાડના મોજે ગામ : નરથાણના બ્લોક/સર્વે નં. ૪૮૯ થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં આયોજીત શકિતનગરમાં આવેલ ખુલ્લા પ્લોટો પૈકી વેચાણ પાત્ર ખુલ્લા પ્લોટો નીચે કોષ્ટકમાં વિગતે તથા વર્ણનથી દર્શાવેલા છે.

| અ.નં. | બ્લોક/સર્વે નં. | ખાતા નં. | કુલ ક્ષેત્રફળ |
|---|---|---|---|
| (૧) | ૪૮૯/બ/૫ | ૨૦૮૮ | ૫૮.૫૮ ચો.મી. |
| (૨) | ૪૮૯/બ/૬ | ૨૦૮૮ | ૫૮.૫૮ ચો.મી. |
| (૩) | ૪૮૯/બ/૧૨ | ૨૦૮૮ | ૫૮.૫૮ ચો.મી. |
| (૪) | ૪૮૯/બ/૧૩ | ૨૦૮૮ | ૫૮.૫૮ ચો.મી. |

આ ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ તમામ ખુલ્લા પ્લોટોના માલિક, મુખત્યાર તથા પ્રત્યક્ષ કબજેદાર તરીકે નટવરભાઈ ઈચ્છુભાઈ પટેલ ચાલી આવેલા હતા જેઓનું તા. ૦૭/૦૨/૨૦૧૧ ના રોજ અવસાન થયેલ હતુ મર્હુમ નટવરભાઈ ઈચ્છુભાઈ પટેલના કાયદેસરના સીધીલીટીના વારસદારો એવા (૧) દયાકોરબેન નટવરભાઈ પટેલ (મ.તા. ૨૯/૧૧/૨૦૨૩) (૨)હરીશચંદ્ર નટવરભાઈ પટેલ (૩)હંસાબેન રાજેશકુમાર પટેલ તે નટવરભાઈ ઈચ્છુભાઈ પટેલની દિકરી તથા (૪) હેમંતકુમાર નટવરભાઈ પટેલ ના નામો દાખલ કરવા અંગેની નોંધ રેવન્યુ દફતરે ૭/૧૨ માં નોંધ નં. ૫૫૩૭ થી તા. ૧૧/૦૫/૨૦૧૧ ના રોજ પાડવામાં આવેલ હતી. મજકુર નોંધ તા. ૨૯/૦૮/૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી. આમ હાલ સદર પ્લોટોના મહેસુલી રેકર્ડ મુજબના માલિકો એવા (૧) હરીશચંદ્ર નટવરભાઈ પટેલ (૨) હંસાબેન રાજેશકુમાર પટેલ તે નટવરભાઈ ઈચ્છુભાઈ પટેલની દિકરી તથા(૩) હેમંતકુમાર નટવરભાઈ પટેલ નાઓએ પોતાની સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, તથા વહીવટ હેઠળની હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ તમામ પ્લોટોમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો હકક–હિસ્સો, દર–દાવો હોય તો તેઓએ આ નોટીસ મળ્યે દિન–૭ માં મારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવાની રહેશે તેમ ન થતા સદરહુ તમામ પ્લોટોમાં અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો હકક–હિસ્સો, દર–દાવો નથી અને હોય તો જતા કર્યા છે તેમ સમજી મારા અસીલ આ વ્યવહાર સંપુર્ણ કરશે અને મારા અસીલ આ તમામ ખુલ્લા પ્લોટો અંગેનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને તમામ પ્રકારનાં કાયદેસરનાં લખાણો તથા રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૧/૦૫/૨૦૨૬

ઓફીસ : જી/૩, કંકુઆશિષ એપાર્ટમેન્ટ,
જમના નગર પાસે, ઘોડદોડ રોડ, સુરત.
મો.નં. ૯૮૭૯૯–૦૬૬૬૫

**કેતન એ. ઘીવાલા**
**રોહન વી. ચૌહાણ**
તે ખરીદનારના એડવોકેટ્સ

# ધો. 12 વિ.પ્ર.ની ઉત્તરવહીઓનું 28 અને 29મીએ અવલોકન

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં લેવાયેલી ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકન માટેની પ્રક્રિયા 28 અને 29 મેના રોજ હાથ ધરાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર. આર. વ્યાસે જણાવ્યું હતું કે ફેબ્રુઆરી- માર્ચ 2026માં લેવાયેલી ધોરણ- 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકન માટે જે વિદ્યાર્થીઓએ અરજી કરેલી છે, તેવા વિદ્યાર્થીઓ માટે 28 અને 29 મેના રોજ ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તરવહી અવલોકનમાં ઉપસ્થિત રહેવા માટે અરજી કરનાર ઉમેદવાર સ્થળ, તારીખ અને સમય વિગત દર્શાવતો કોલ લેટર બોર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

## વિવાહ સૂચના

विनीशा चांदवानी, सुपुत्री श्री विक्रम चांदवानी का विवाह राहुल टेकवानी, सुपुत्र श्री बलराम टेकवानी के साथ अगले महीने हम गुरुद्वारा श्री गुरु तेग बहादुर साहिब जी, भटार, सुरत में संपन्न करवा रहे हैं।
यदि किसी को कोई आपत्ति हो तो वह 10 दिनों के भीतर गुरुद्वारा साहिब में आकर दर्ज करवा सकता है।

## પશ્ચિમ રેલવે
### સિગ્નલિંગ વર્ક

સીનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (નોર્થ), બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઈ-ટેન્ડર નંબરઃ SG_216_2_114_WA_ST_R1 તારીખ 16/05/2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળઃ મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનના ADSTE/સુરતના અધિકારક્ષેત્ર હેઠળ વિશ્વસનીયતા સુધારણા અને ખામીયુક્ત/જૂના મિડલાઈફ સિગ્નલિંગ ગીયર્સના બદલાવના કાર્યના સંબંધમાં સિગ્નલિંગ વસ્તુઓની સપ્લાય, ઇન્સ્ટોલેશન ટેસ્ટિંગ અને કમિશનિંગ. કાર્યની અંદાજિત કિંમતઃ રૂ.2,26,01,129.33. EMD: રૂ.4,52,000/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવાની બંધ થવાની તારીખ અને સમયઃ 15.06.2026, 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 15.06.2026ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાશે. 0133

લાઈક કરો: facebook.com/WesternRly

## વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ ડીસ્ટ્રીક્ટ ઓલપાડ તાલુકાનાં મોજે : કરમલા ગામનાં ખાતા નં. ૩૨૨, બ્લોક નં. ૧૧૬ થી નોંધાયેલ જુનીશરત વાળી જમીન કે જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૦-૪૦-૪૭ ચો.મી. યાને ૪૦૪૭ ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૧૧.૦૦ પૈસા છે તે ખેતીની જમીન શ્રી શશીકાંત ભગાભાઈ સોલંકી ની સ્વતંત્ર પોતાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની નામેની હોવાનુ જણાવી તથા સદરહું જમીન નકરજી, નબોજી, બીન તકરારી ચોખ્ખા ટાઈટલ કલીયર વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તથા વિશ્વાસ અને ખાત્રી આપી મારા અસીલ ને વેચાણ થી આપવાનુ નકકી કરેલ છે. જેથી સદરહું જમીનનો હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન, વિગેરે હોય તો તેઓએ આ નોટીસ મળ્યેથી દિન-૭ માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત હમોને મોકલી આપવા તથા સંપર્ક કરવો. સદરહું મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હક્ક હિત હિસ્સો, બોજો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ જમીન માલીકને સદરહું જમીનનો પુરેપુરો અવેજ ચુકવી મિલકતનો કબજો લઇ પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહિતના કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

તા. ૨૧/૦૫/૨૦૨૬
ઓફીસ : ૪૦૨૦, સેન્ટ્રલ બજાર,
વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર,
વરાછા રોડ, સુરત. (મો.નં. ૯૫૧૦૦ ૮૭૧૩૯)

**સંદીપ જે. સોજીત્રા**
તે ખરીદનારના એડવોકેટ

## : જાહેર નોટીસ :
### મોજે ગામ : ગવિયર, બ્લોક નં.૨૭૧

સુરત ડિસ્ટ્રીક્ટ, સબડિસ્ટ્રીક્ટ મજુરા મોજે ગામઃ ગવિયરના રેવન્યુ સર્વે નં.:૨૭૧, ટી.પી. સ્કીમ નંબરઃ ૩૨ (ગવીયર-વાંટા-ડુમસ), ફાઈનલ પ્લોટ નંબરઃ ૧૩૪ કુલ ક્ષેત્રફળઃ ૨૨૩૬ ચોરસ મીટર અને વેચાણ હેઠળનું ક્ષેત્રફળઃ ૧૧૧૮ ચોરસ મીટર બે રસ્તાના ખૂણા (Corner) પર આવેલ છે) તે જમીનના માલીક શ્રી રિંકેશભાઈ પ્રવિણભાઈ પટેલ, રહેવાસીઃ ૬૯૧, નવા ફળિયા, પુણાગામ, સુરતનાઓ પાસેથી અમારા અસીલે વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. સદરહુ મીલકત ઉપર જો કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધ-સરકારી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, કબજો, ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિન-૧૦ માં લેખિત પુરાવા સહીત જણાવવું. જો તેવું માલૂમ ન પડશે તો તેવા તમામ પ્રકારના હકકો છોડી દીધેલ ગણાશે તથા મુદત વિત્યે અમારા અસીલ કાયદેસરનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામુંઃ ૭મો માળ, ૭૦૩,
રાજહંસ બોનિસ્ટા, રામ મંદિર પાછળ,
રામ ચોક, ઘોડદોડ રોડ, સુરત-૭
મો : ૯૮૯૮૯૩૦૦૦૦

મારી મારફતે :
**વિપુલ એન. મોદી**
એડવોકેટ

## અસલ કબજા રસીદ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (ઉધના) સબ-ડીસ્ટ્રીકટના શહેર સુરતના ઉધના વિસ્તારમાં આવેલ સર્વે નં.૨૩૮/૧ પૈકી, ટી.પી.સ્કીમ નં.૨ (ઉધના), ફા.પ્લોટ નં.૯૩ થી નોંધાયેલી જમીનમાં આવેલ સોનલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ-૩ માં આવેલા પ્લોટ નં. ૧૪૬ થી નોંધાયેલી ઈન્ડસ્ટ્રીયલ બાંધકામવાળી જમીન અમલા ઈમારત સહિતની મીલકત, જેનું ક્ષેત્રફળ ૧૧૮.૯૫ સ.ચો.મી. છે તે જમીન અમલા ઈમારત સહિતની મીલકત વીરેન ભરતભાઈ પટેલ એ પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ મીલકતના અગ્રહકકધારીની તા.૨૭/૨/૧૯૭૫ ના રોજની અસલ કબજા રસીદ ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું અમોને જણાવેલ છે. તેથી જો કોઈપણ વ્યકિતને ઉપરોકત અસલ કબજા રસીદ મળી આવેલ હોય તો અમોને નોટીસમાં જણાવેલ સરનામે દિન-૫ માં સુપરત કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહુ મીલકત ઉપર કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા કોઈપણ વ્યકિતનો ચાર્જ, બોજો કે લીયન યા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતાં યાને વેવ કરેલા છે તેમ માની લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની તમામે નોંધ લેવી.

**વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા**
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯ (નોટરી)
એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

## : જાહેર નોટીસ :
### મોજે ગામઃ ગવિયર, બ્લોક નં.૨૭૦ વાળી જમીન

સુરત ડીસ્ટ્રીક્ટ, મજુરા સબ-ડીસ્ટ્રીક્ટ, મોજે ગામઃ ગવિયરના રે.સ./બ્લોક નં.:૨૭૦, ટી.પી.સ્કીમ નં.:૩૨(ગવિયર-વાંટા-ડુમસ) ફાયનલ પ્લોટ નં.:૧૩૫, ક્ષેત્રફળ ૧૯૨૭ ચો.મી. પૈકી વણવહેંચાયેલ ૬૭૨ ચો.મી. ફાયનલ પ્લોટ નં.૧૩૪ ને લાગુ છે તે જમીનના માલીક રીન્કેશ પ્રવિણચંદ્ર પટેલ, રહેવાસીઃ૬૯૧, નવા ફળિયા, પુણાગામ, ચોર્યાસી, સુરત ના પાસેથી અમારા અસીલે વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીન ઉપર જો કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધ-સરકારી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, કબજો, ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિન-૧૦ માં લેખિત પુરાવા સહીત જણાવવું. જો તેવું માલૂમ ન પડશે તો તેવા તમામ પ્રકારના હકકો છોડી દીધેલ ગણાશે તથા મુદત વિત્યે અમારા અસીલ કાયદેસરનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામુંઃ ૭મો માળ, ૭૦૩,
રાજહંસ બોનિસ્ટા, રામ મંદિર પાછળ,
રામ ચોક, ઘોડદોડ રોડ, સુરત-૭
મો : ૯૮૯૮૯૩૦૦૦૦

મારી મારફતે :
**વિપુલ એન. મોદી**
એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટિસ
### મોજેઃ મોતા, તા.બારડોલી, જિ.સુરત

| ક્રમ | બ્લોક નં. | ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે-આરે | આકાર રૂા. પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૯૨૭ | હે.આરે. ૦-૭૪-૮૭ ચો.મી. પૈકી વણવહેંચાયેલ હિસ્સાની ૩૭૪૩.૫૦ ચો.મી. જમીન | ૬.૯૯ | ૭૦૨ |
| ૨ | ૯૨૩ | હે.આરે. ૦-૯૮-૧૪ ચો.મી. | ૯.૦૦ | ૩૧૩ |

સુરત જીલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ મોતા ની ઉપરોક્ત વિગતેની જુની શરતની ખેતીની જમીનો **હરગોવનભાઈ નરોત્તમભાઈ, અનિતાબેન તે હરગોવનભાઈની પુત્રી તથા નિતિનભાઈની પત્નિ, ભાવનાબેન હરગોવનભાઈ તે પરેશભાઈ પટેલની પત્નિ તથા ઉપાસનાબેન હરગોવનભાઈ તે ભરતભાઈ પટેલની પત્નિ,** નાઓએ તેમની માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટાની, નકરજી, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ બોજાઓથી મુક્ત મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

ઉપરોક્ત વિગતેની મિલકત અંગેના માલીકી ટાઇટલ, રાઇટ્સ, ઇન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઇ હક્ક કે ભરણપોષણના હક્ક કે કોઈ લેણું કરજ ગીરો, કબજા હક્કો, સોદા ચિઠ્ઠી, સાટાખત બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઇના કોઇપણ પ્રકારાના હક્ક અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૭ (સાત)** માં લેખીત આધાર પૂરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઇપણ વ્યક્તિને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી મજકુર મિલકતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઇના હક્ક, દાવા મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા-વળગતા સર્વએ નોંધ લેવી. તા. ૨૨-૦૫-૨૦૨૬

ઓફીસ : ૨૬૧, રાજ ઈમ્પેરીયા,
વ્રજ ચોક, સરથાણા, સુરત સીટી,
સુરત. મો. ૯૭૨૬૦-૩૯૫૫૯.

મારી મારફત
**અજયકુમાર ડી. કાકડીયા**
એડવોકેટ

## વેચાણ/ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનુંકે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/મિલકત (૧) ધનસુખભાઈ જગજીવનભાઈ, (૨) મહેશભાઈ જગજીવનભાઈ, (૩) અરવિંદભાઈ જગજીવનભાઈ તથા (૪) હસમુખભાઈ જગજીવનભાઈ ની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે. જેઓએ અમારા અસીલને નીચે મુજબની જમીન ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાનું જણાવી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઇપણ વ્યક્તિ કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઇપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, ઇઝમેન્ટરાઇટસ, વારસાહક્ક કે દરદાવો, અધીકાર યા વાંધો-વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હક્ક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હક્ક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુધ્ધબુધ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી અને તેની કોઇપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડીસ્ટ્રીકટ-સુરત, સબ ડીસ્ટ્રીકટ- અડાજણ, ના મોજેગામ-અડાજણ, ના ખાતા નં.૫૭૨૮, બ્લોક નં.૪૩૬/અ, ક્ષેત્રફળ-૪૮૪૩ ચો.મી. વાળી જમીન- જેને ટી.પી.સ્કીમ નં.૧૧(અડાજણ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં.૧૨૮, ક્ષેત્રફળ-૭૧૧ ચો.મી. ફાળવવામાં આવેલ. જે બહુહેતુક ઉપયોગી બીનખેતીની જમીન- સ્થળ- સુરત તા.૨૨/૦૫/૨૦૨૬ અમારી સુચના થી....

અમારી મારફત
**મહેન્દ્ર પટેલ**
મૃણાલ ભંડારી | મિલિન્દ પાનવાલા
એડવોકેટ્સ
ઓફીસ : એ/૫૧૦, પાંચમો માળ, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

## મોજે. સીસોદ્રા(ગણેશ), તા.નવસારી, જી. નવસારી, ના બ્લોક નં.૫૮૦ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જી.નવસારી,, તા. નવસારી, ના મોજે ગામ. સીસોદ્રા(ગણેશ), ખાતા નંબર.૨૦૯૪, બ્લોક નં.૫૮૦, જેનું ક્ષેત્રફળ ૦-૩૫ ૪૧ હે. આરે. ચો.મી., જેનો આકાર રૂા.૩.૦૬ વાળી જુનીશરતની ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા તમામ હકકો સહિતની જમીનના માલીક કબજેદાર તરીકે પ્રદિપભાઈ મોહનલાલ શાહ, રક્ષાબેન પ્રદિપભાઈ શાહ નાઓના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલે છે અને સદરહું જમીન તેઓની માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. અને સદરહું જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તથા કોઈ તર તકરારો દર દાવાઓ તથા તમામ પ્રકારના બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે કુલ્લે જમીન વેચાણ આપવાની કબુલાત આપી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે, જે વેચાણ પેટે અવેજ પણ સ્વીકારેલ છે.

જેથી સદરહુ જમીનના વેચાણ તેમજ ટાઈટલ બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ હોય યા સદરહુ જમીનમાં કોઈ પણ પ્રકારના હકક હિત, લાગ ભાગ, દર દાવો, ભરણપોષણના હકકો, લીયન, ઈઝમેન્ટના હકક, રસ્તાના હકક, ગીરો, બાનાખત, વારસાઈનો કોઈ સીધી કે આડકતરો હકક, વેચાણ, ભેટ, લીઝ, સબ લીઝ, મેમોરેનડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ, સમજુતી કરાર, ચીઠ્ઠી, સમજુતી, લિયન, સિકયુરીટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની વિગેરે હોય યા કોઈ વ્યકિત, બેંક, સંસ્થા, મંડળીનાં બોજા, ચાર્જ કે લેણાં હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં હમોને આધારભુત પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક દાવા વાંધા રજુ થશે નહી તો સદરહુ જમીનમાં કોઈના પણ વાંધા, હકક અધિકાર નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ તેમની સાથે વેચાણનો સોદો પુર્ણ કરવા અંગેની જરૂરી કાર્યવાહી પુર્ણ કરશે અને કિંમતી અવેજ (પેમેન્ટ) ચુકતે ચુકવી સદરહુ જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ ભવિષ્યમાં સદરહુ જમીનના ટાઈટલ બાબતે કોઈની પણ કોઈ પણ પ્રકારની તર તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામ યાને જાહેર જનતાએ નોંધ લેવી.

**પાર્શ્વ એન. પટેલ** - એડવોકેટ
ઓફીસ : જી-૫, સુપર ટેક્ષ ટાવર, કિન્નરી સિનેમાની સામે, રીંગરોડ, સુરત. મો. ૯૪૦૯૩૯૨૮૦૦

## મોજે સૌંસક ના રેવન્યુ બ્લોક નંબર–૬૯/૧ પૈકી વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી સર્વે ને લાગતા વળગતા ને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ ના મોજે **સૌંસક** ના રેવન્યુ બ્લોક નં.-૬૯/૧ વાળી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ સુમારે ૧-૧૩-૯૧ હે.આરે.ચો.મી. જમીન જેનો આકાર રૂા. ૧૫.૭૩ પૈસા છે તે જમીન પૈકી દક્ષિણ-પુર્વ દિશા તરફની વણવહેંચાયેલ અવિભાજય હીસ્સાની જમીન જેનુ ક્ષેત્રફળ સુમારે ૦-૨૩-૭૮ હે.આરે.ચો.મી. છે તે જમીન (૧) કેતનભાઈ શાંતિલાલ પટેલ, રહે. જુનુ ફળીયું, સૌંસક ગામ, તા.ઓલપાડ, જી.સુરત (૨) જયેશભાઈ શાંતિલાલ પટેલ, રહે, એજનના (૩) તૃપ્તિ કેતનભાઈ પટેલ, રહે. એજનના (૪) પાર્થ કેતનભાઈ પટેલ, રહે. એજનના (૫) તપન કેતનભાઈ પટેલ, રહે. એજનના (૬) મનીષાબેન તે જયેશભાઈ શાંતિલાલ પટેલની ધણીયાણી રહે. એજનના (૭) તનય જયેશભાઈ પટેલ, રહે. એજનના (૮) હેની તે જયેશભાઈ પટેલની દિકરી તથા આદિત્ય પટેલની પત્ની, રહે, મોટી ફળી, રાંદેર, ગામ, સુરતનાની સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટી, વ્યવસ્થા, જાતખેડની ચાલી આવેલી હોવાનું જણાવી સદરહુ જમીનના તમામ ટાઈટલ કલીયર અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ સાથે તમામ બોજા મુકત જણાવી અમારા અસીલને સદરહુ જમીન વેચાણથી આપવા નકકી કરેલ છે જેથી સદરહુ જમીન અંગે જે કોઈ ઈસમ, સંસ્થા, કે કોઈનો પણ કોઈપણ પ્રકારના નો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે વારસાઈ હિસ્સો કે દરદાવો, લખાણો, કરારો, સાટાખત વિગેરે હોય કે કબજા ભોગવટા અંગે કે રસ્તા અંગે યા ઈઝમેન્ટ રાઈટસ, પાણીની ફીલ્ડ ચેનલ, લીયન ચાર્જ, લેણા યા બોજા હોય કે તર-તકરાર હોય તો તેવી વ્યકિત, ઈસમ સંસ્થાઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં જરૂરી દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળી ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, સબંધ યા અધિકાર નથી કે તર-તકરાર નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે તેમ માની અમારા અસીલ મુદત વિત્યેથી સદરહુ જમીન ખરીદ કરશે ત્યારબાદ કોઈપણ વ્યકિત સંસ્થાની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધા-વચકાં ચાલશે નહી. જેની જાહેર જનતાએ, હરકોઈ ઈસમ, સંસ્થાએ તથા તેને લાગતા વળગતાએ નોંધ લેવી.

(તા.૨૨/૦૫/૨૦૨૬)
ઓફીસઃ ૧૦૩, મોર્ડન શોપી, વિજય ડેરીની સામે,
પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત.

**મયંક પી. પટેલ**
તે ખરીદનારના એડવોકેટ

## મોજે દેસાડ, તા.ગણદેવી, જી.નવસારીમાં આવેલ નવો બ્લોક નં. ૬૨ તથા ૫૯ વાળી ખેતીની જમીનો સંદર્ભે વેચાણ અંગેની જાહેર નોટીસ

(૧) મોજે દેસાડ, તા. ગણદેવી, જી. નવસારીના રેવન્યુ દફતરે જુનો સર્વે/બ્લોક નં. ૯૮/પૈકી ૧, જેનો પ્રમોલગેશન બાદ નવો બ્લોક/સર્વે નં. ૬૨ વાળી જૂની શરતની જમીન કે જેનું જરાયત ક્ષેત્રફળ ૨ હેકટર ૪૦ આરે ૫૯ ચો.મી. યાને ૨૪,૦૫૯ ચો.મી. છે કે જેનો આકાર રૂા. ૧૦–૫૫ પૈસા છે તથા ખાતા નંબર : ૩૯૫ છે તથા

(૨) મોજે દેસાડ, તા. ગણદેવી, જી. નવસારીના રેવન્યુ દફતરે જુનો સર્વે/બ્લોક નં. ૯૮/પૈકી ૨, જેનો પ્રમોલગેશન બાદ નવો બ્લોક/સર્વે નં. ૫૯ વાળી જૂની શરતની જમીન કે જેનું જરાયત ક્ષેત્રફળ ૪ હેકટર ૬૩ આરે ૨૧ ચો.મી. તથા પો.ખ.અ. ૦ હેકટર ૧૭ આરે ૮૪ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૪ હેકટર ૮૧ આરે ૦૫ ચો.મી. યાને ૪૮,૧૦૫ ચો.મી. છે કે જેનો આકાર રૂા. ૨૦–૩૫ પૈસા છે તથા ખાતા નંબર : ૩૯૫ છે તે સદરહુ બંને જૂની શરતની ખેતીની જમીનોના માલિકો (૧) પ્રતિક્ષા સતીષભાઈ નાયકની પત્ની, (૨) કેવલ સતીષભાઈ નાયક તથા (૩) હેમલ સતીષભાઈ નાયકનાઓએ સદરહુ જમીનોના ટાઈટલ ચોખ્ખે ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તથા સદરહુ જમીનોના સંપૂર્ણ માલિક મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ બંને જમીનો બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો કે તર–તકરાર કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ કે અટકાયત હોય અગર કોઈ બેંક કે સહકારી સંસ્થાઓનો બોજો હોય અગર અન્ય પ્રકારના ઈઝમેન્ટના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ માં અમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યેથી કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો નથી અથવા હોય તો જતા કરેલ છે એમ માની અમારા અસીલ સદરહુ બંને જમીનોના વેચાણને લગતી કાર્યવાહી પૂરી કરશે અને વેચાણ દસ્તાવેજ કરી–કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા–વિરોધ, અવરોધ કે હરકત ચાલશે નહીં અને જો કરશે તો તે આ જાહેર નોટીસથી રદબાતલ ગણાશે. જેની જાહેર જનતાએ આ છેવટની લેખિત નોંધ લેવી. તારીખ : ૨૨/૦૫/૨૦૨૬.

પ્રતિક્ષા સતીષભાઈ નાયકની પત્ની | કેવલ સતીષભાઈ નાયક | હેમલ સતીષભાઈ નાયક

**દલસુખ સી. પટેલ તથા કલ્પેશ બી. ધોન્ડે**
મોબાઈલ નંબર : ૯૮૭૯૭૬૭૭૪૯ મોબાઈલ નંબર : ૯૯૭૯૯૮૩૮૩૩
એડવોકેટ્સ
ઓફિસ : ૨, પહેલો માળ, ઉર્મિ એપાર્ટમેન્ટ, અથુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧.

## વેચાણ રદ્દ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ઓલપાડ તાલુકાનાં **મોજે ગામ : કાછબનાં ખેડખાતા નં. ૧૦૯, જેનો** બ્લોક નંબર : ૬૬ થી નોંધાયેલી જુની શરત વાળી ખેતીની જમીન, કે જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૧-૧૭-૩૬ ચો.મી. છે તથા જેનો આકાર રૂા. ૧૪.૩૭ પૈસા છે તે ખેતીની જમીન ૧) દક્ષાબેન કિરીટકુમાર, ૨) યજ્ઞેશકુમાર કિરીટભાઇ દેસાઇ, ૩) આશિષ કિરીટભાઇ દેસાઇ પાસેથી ખરીદી કરવા અંગે હમોના અસીલનાઓએ હમો એડવોકેટ શ્રી સંદીપ જે.સોજીત્રા ના મારફતે ગઇ તા. ૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ''ગુજરાત મિત્ર'' દૈનીક પેપરમાં ખરીદી અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ, જે જાહેર નોટીસ અંગે જણાવવાનું કે, હમોના અસીલ તરફથી વેચાણ લેવા નકકી કરેલ સદર જમીન નો સોદો કેન્સલ યાને રદ કરેલ છે. જેથી આજદીન બાદ સદર જમીન પર હમોના અસીલનો કોઇપણ જાતનો હકક-હિસ્સો કે હિત રહેશે નહી. જે અંગે આજદીન બાદ હમોના અસીલોએ કે તેમના વંશ વાલી વારસોએ કોઇપણ જાતનો વાંધો-વિરોધ લેવાનો રહેશે નહી. જેની લાગતા વળગતા નોંધ લેવી.

તા. ૨૧/૦૫/૨૦૨૬
ઓફીસ : ૪૦૨૦, સેન્ટ્રલ બજાર,
વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર,
વરાછા રોડ, સુરત. (મો.નં. ૯૫૧૦૦ ૮૭૧૩૯)

**સંદીપ જે. સોજીત્રા**
તે ખરીદનારના એડવોકેટ

## મહે. સુરતના ૧૩માં એડી.સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં

ન્યાયાલય, રૂમ નં.૯૦૮, નવમાં માળે, અઠવાલાઈન્સ, સુરત.

અરજદાર : ગીતાબેન ચીમનલાલ દલાલ તથા વિગેરે — સી.એમ.એ/એસ.સી. નં. ૬૬/૨૦૨૬
ઉ.આ.વ.૭૦, ધંધો : નિવૃત, રહેવાસી, ૬૩, શીવાંજલી રો-હાઉસ, પરવટ પાટીયા, સુરત
...વિરૂધ્ધ.... અરજદારના વકીલ શ્રી મિલિન એસ. મોદી
સામાવાળા : કોઈ નહી

જાહેર નોટીસ

આથી જાહેર નોટીસ આપી જણાવવાનું છે કે ઉપરોકત અરજદારે અત્રે કોર્ટમાં **સ્વ.ચીમનલાલ મંછારામ દલાલ તથા સ્વ.લીલાવતીબેન ચીમનલાલ દલાલ તથા સ્વ.નીતીનકુમાર ચીમનલાલ દલાલનાઓ** એ સ્વતંત્ર/સંયુકત રીતે જુદી જુદી કંપીનીઓના શેર તેઓએ લીધેલ હતા જે તમામ કંપીનીઓના શેરોની કિંમત આશરે **રૂા.૭૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ઈકોતેર લાખ પુરા**ના શેર તથા ડિવિડન્ડ તથા અન્ય થાપણો થાય છે. જે અંગે વારસા સર્ટીફીકેટની જરૂર હોય, વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાખલ કરેલ છે.

આ કામમાં સુનાવણી તારીખ : ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ સવારના ૧૦.૪૫ કલાકે રાખવામાં આવેલ છે. તો આ અરજી વિરૂધ્ધ કે કોઈ ઈસમને વાંધો, વિરોધ હોય તો તેમણે જાતે અથવા વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારને માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ આપવાનો હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૧-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (વી.બી. ડાંગર) | (ડી.પી. દસલાણીયા) | કોર્ટનો સિકકો | (હીના દેસાઈ) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | | સીવીલ રજીસ્ટ્રારશ્રી |

## મોજે સરસાણા, તા. મજુરાના બ્લોક નં. ૧૨૧ પૈકી વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે સરસાણા, તાલુકો : મજુરા, જીલ્લો : સુરતના સર્વે નં. ૪૨/૩, બ્લોક નં. ૧૨૧ વાળી હેકટર ૦ - ૨૧ આરે - ૨૫ ચો. મી., આકાર રૂા. ૩.૦૬ પૈસાવાળી ખેડખાતાની જૂની શરતની જમીન કે જેને ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૯૦ (સરસાણા) લાગુ થતા મૂળ ખંડ નં. ૧૦૮ આપવામાં આવેલો છે અને તેના બદલામાં અંતિમ ખંડ નં. ૧૦૮ થી ૧૨૭૫ સમચોરસ મીટર જમીન ફાળવવાનું સૂચન છે, તે જમીન મહેસુલી રેકર્ડ ઉપર મગનભાઈ સુખાભાઈ, મોહનભાઈ સુખાભાઈ અને ચંપાબેન તે નાનુભાઈ સુખાભાઈની વિધવાના નામે ચાલે છે. મગનભાઈ સુખાભાઈ પોતાની પાછળ વારસદારોમાં વિધવા સુખીબેન મગનભાઈ, એક પુત્ર જયંતિભાઈ મગનભાઈ અને એક પુત્રી નયનાબેન સુધીરભાઈને મૂકીને ગુજરી ગયેલા. ત્યારબાદ નયનાબેન મગનભાઈ પણ પોતાની પાછળ એકમાત્ર વારસદારો તરીકે દિકરા સ્નેહલ સુધીરભાઈ પટેલને મૂકીને ગુજરી ગયેલા છે. સ્નેહલ સુધીરભાઈ પટેલએ ઉપરોકત વારસાઈની રૂએ કુલ્લે જમીનમાં પોતાનો વણ વહેંચાયેલો ૧/૯ હિસ્સો ચાલી આવેલો હોવાનું જણાવી તે હિસ્સો મારા અસીલને તમામ પ્રકારના બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાની કબૂલાત આપી છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કાંઈપણ હક્ક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહિં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**મહર્ષિ હિતેશ લાયવાલા** (તે ખરીદનારના એડવોકેટ)
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.

## શ્રી સી. કે. જોષી, ઈ./ચા. સંયુકત ચેરિટી કમિશ્નરશ્રી, સુરત વિભાગ, સુરત સમક્ષ,

સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, એ- બ્લોક, ૪થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત -૩૯૫૦૦૧

**ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ - ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળ ટ્રસ્ટની મિલકત બક્ષીસથી આપવા અંગે વાંધા/સુચનો મંગાવવાની જાહેર નોટીસ**

**પરવાનગી અરજી નંબર : ૩૬/૦૯/૨૦૨૬**

અરજદાર : **શ્રી વલ્લભભાઈ પ્રેમજીભાઈ સવાણી**
રહે. સવાણી ફાર્મ હાઉસ, ઉત્રાણ જી.ઈ.બી. વોટર વર્કસની બાજુમાં,
મોટા વરાછા - અબ્રામા રોડ, સુરત.

ઉપરોકત અરજદારએ અત્રેની કચેરીમાં શ્રી પ્રબુધ્ધ એજ્યુકેશન ટ્રસ્ટ, નોંધણી નં. ઈ/૨૪૮૯/સુરત ટ્રસ્ટની માલીકીની જીલ્લો સુરત, તા. અબ્રામા, મોજે : અબ્રામા મુકામે આવેલ રેવન્યુ સર્વે નં. ૪૫, બ્લોક નં. ૪૬/અ/૨ વાળી જમીન જેનો નગર રચના નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા-અબ્રામા) ફાઈનલ પ્લોટ નં. ૨૨૭, ઓપન પ્લોટ નં. ૨૨૭, ક્ષેત્રફળ ૨૦૭૧૦ ચો.મી. પૈકી પશ્ચીમ, ઉત્તર અને દક્ષિણ દિશા તરફ ટી.પી. સ્કિમ નં. ૮૪, ફાઈનલ પ્લોટ નં. ૨૨૭ તથા પુર્વ દિશા બાજુ લાગુ ૧૮ મીટર ટી.પી. સ્કીમ રોડ તરફની ૧૯૨૩ ચો.મી. યાને કે ૨૩૦૦ ચો. વાર બીનખેતીની જમીન જી.સી.એસ.એ. (ગાઈડન્સ ઓફ કોમ્પિટીટીવ એક્ઝામ એન્ડ સપોર્ટ ફોર એસ્પાઈરન્ટસ) ફાઉન્ડેશન કે જેનો નોંધણી નં. ઈ/૮૩૪૦/સુરત ટ્રસ્ટને બક્ષીસ થી આપવા માટે પરવાનગી અરજી રજુ કરેલ છે. જેનો અરજી નં. ૩૬/૦૯/૨૦૨૬ છે.

ઉપરોક્ત મિલકતના બક્ષીસથી તબદીલી અંગેના વ્યવહાર સામે જો કોઇ હિતાધિકારીને વાંધા/તકરાર હોય, તેઓએ પોતાના વાંધા/તકરાર જરૂરી આધાર પુરાવા અને સોગંદનામા સહીત નીચે જણાવેલ સરનામે તા.૦૬/૦૬/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. નિયત તારીખ બાદ મળેલ વાંધા/તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. અત્રેની કચેરીને ટ્રસ્ટને મળેલ વાંધા/તકરારની સુનાવણી તા. ૧૧/૦૬/૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો સુચન/ વાંધા/ રજુઆત કરનારએ જાતે કે અધિકૃત કરેલ પ્રતિનિધી દ્વારા સદરહુ તારીખે અને સમયે સુનાવણી માટે અચુક હાજર રહેવાનું રહેશે. જો વાંધા રજુ કરનાર હિતાધિકારી દ્વારા સુનાવણીની નિયત તારીખે જાતે કે અધિકૃત પ્રતિનિધી મારફત હાજર રહી, રજુઆત કરવામાં નહીં આવે તો ટ્રસ્ટના હિતમાં યોગ્ય તે હુકમ કરવામાં આવશે. તેની નોંધ લેશો.

| અસલ વાંધા/સુચન/ રજુઆત મોકલવાનું અને સુનાવણી માટે હાજર રહેવાનું સરનામું | વાંધા/ સુચન / રજુઆતની નકલ મોકલવાનું સરનામું |
|---|---|
| સંયુકત ચેરિટી કમિશનરશ્રી, સુરત સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, એ - બ્લોક, ૪ થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧. | પ્રબુધ્ધ એજ્યુકેશન ટ્રસ્ટ, ઈ/૨૪૮૯/સુરત ટ્રસ્ટ વતી ટ્રસ્ટી શ્રી વલ્લભભાઈ પ્રેમજીભાઈ સવાણી પી.પી.સવાણી વિદ્યાભવન, હીરાબાગ, વરાછા રોડ, સુરત - ૬ |

આજ તા. ૧૫/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનાર :
(સી. એલ. ગાંગાણી) – (હિસાબનીશ)
મુકાબલ કરનાર :
(એસ. પી. ચૌધરી) – (અધિક્ષક)

સહિ/–
(સી. કે. જોષી)
ઈ./ચા. સંયુકત ચેરિટી કમિશ્નર,
સુરત વિભાગ, સુરત.

# જાહેર ચેતવણી વિરુધ્ધ જાહેર જવાબ તથા ચેતવણી

## જી.સુરત ઓલપાડ તાલુકાના મોજે ગામ ભારુડીના બ્લોક નં. ૩૫૪ વાળી જમીન બાબતે

ગુજરાત વર્તમાન પત્રમાં તા.૨૧/૫/૨૦૨૬ ના રોજ વેચાણ અંગેની ખોટી હકીકત દર્શાવી ખોટી નોટીસ પ્રસિધ્ધ કરાવવા બદલ જાહેર ચેતવણી ના મથાણા હેઠળ એડવોકેટ શ્રી સુનીલ બી. રાઠોડનાઓ એ આપેલ જાહેર ચેતવણી અંગે ખુલાસો કરી વળતી નોટીસ તથા ચેતવણી આપી જણાવવાનુ કે,

જી.સુરત ઓલપાડ તાલુકાના મોજે **ગામ ભારુડી**ના **બ્લોક નં. ૩૫૪** વાળી જમીન કે જે અમારા અસીલ **ગીરીશભાઈ સોમાભાઈ રાઠોડ** ના નામની ચાલી આવેલ છે. અમારા અસીલ ના ઘરે તા. ૧૬/૫/૨૦૨૬ ના રોજ કોઈ અજાણ્યા ઈસમો કે જેણે પોતાની ઓળખ સરકારી અધિકારી તરીકે આપી અમારા અસીલ જે મકાનમા રહેતા આવેલ છે તે મકાનની માપણી કરવાની હોય અને સર્વે કરવાનો હોવાથી કેટલાક ફોર્મ પર સહી કરાવેલ અને જે સરકારી રેકર્ડ હોય તેવુ જણાવેલ, પરંતુ હાલમાં તા. ૧૭/૦૫/૨૦૨૬ના રોજ ગુજરાત મિત્ર વર્તમાન પત્રમા એડવોકેટ શ્રી સુનીલ બી. રાઠોડ મારફતે સદરહુ જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ આવતા અમારા અસીલ એકદમ હેબતાઈ ગયેલ અમારા અસીલ સદર જમીન કયારે પણ વેચાણ કરવા કે કોઈપણ રીતે ટ્રાન્સફર, તબદીલ કરવા વિચાર શુધ્ધા કરેલ ન હોય તેવો વેચાણ કરવા બાબતે કોઈ નિર્ણય કરે અને તેવા લખાણો કરે તે પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોય જેથી અમારા અસીલે તા.૨૦/૫/૨૬ નારોજ વર્તમાનપત્ર ગુજરાત મિત્ર મા જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરી જણાવેલ મિલકત અમારા અસીલે કયારે પણ વેચાણ કરવા કે ટ્રાન્સફર તબદીલ કરવા કે કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા કોઈપણ વ્યકિત કે સંસ્થાને કે ગુજરાત મિત્ર વર્તમાન પત્રમા વેચાણ અંગે જાહેર નોટીસ આપનાર એડવોકેટ શ્રી સુનીલ બી. રાઠોડને કયારે પણ કોઈપણ પ્રકારે હકક, અધિકાર કે તે પ્રકારની સંમતિ આપેલ નથી જેથી સદર જમીન બાબતે કોઈપણ વ્યકિતઓ કોઈપણ પ્રકારના વેચાણ વ્યવહાર કે ટ્રાન્સફર, તબદીલને લગતા વ્યવહારો કરવા કરાવવા નહી, અન્યથા તે વ્યવહાર કરનાર ઈસમો સામે કાયદેસર ફોજદારી રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે તે અંગેની સ્પષ્ટ ચેતવણી આપેલ હોવા છતા કેટલા અજાણ્યા ઈસમો દ્વારા અમારા અસીલની જમીન પચાવી પાડવાનુ કાવતરુ કરી રહેલ હોવાનુ જાણવા મળેલ અને તા.૨૧/૦૫/૨૦૨૬ નારોજ ગુજરાત મિત્ર વર્તમાન પત્રમાં જાહેર ચેતવણી જોતા તેમા કોઈ **જીતેન્દ્ર છગનભાઈ ભાખર** નાઓએ અમારા અસીલ પાસેથી જમીન ખરીદ કરવા માંગતા હોય અને જેથી સદર જીતેન્દ્ર ભાખરનાઓએ અમારા અસીલને નાણાકીય અવેજ ચુકવેલ હોવાનુ જણાવેલ છે જે અંગે આ જાહેર ચેતવણી આપી જણાવવાનુ કે સદરહુ જમીન અમારા અસીલે કોઈને કે કહેવાતા **જીતેન્દ્ર છગનભાઈ ભાખરના**ઓને વેચાણથી આપવાનુ નકકી કરેલ નથી કે તેઓ પાસેથી કોઈ નાણાકીય અવેજ મેળવેલ નથી કે તેઓને કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવાઓઓ આપેલ નથી પરંતુ અમારા અસીલના આવા પુરાવાઓ કોઈપણ રીતે મેળવી લઈ યા તો ચોરી કરી લઈ કહેવાતા ઈસમે દુરઉપયોગ કરી રહેલનુ ચેતવણી થી જાણવા મળી રહેલ છે તેમજ અમારા અસીલની જાણ મુજબ કહેવાતા ઈસમે અમારા અસીલની જાણ બહાર અમારા અસીલના એકાઉન્ટમાં કહેવાતી કોઈ રકમ નાખી દીધેલ હોય તો જે અંગે અમારા અસીલે તેની બેંકમા નાખેલ હોય તે પરત કરી દેવા જાણ કરેલ છે અને કાયદેસરની કાર્યવાહી કરવા પણ જાણ કરેલ છે. અમારા અસીલે સદરહુ જમીન કયારે કોઈપણને વેચાણ કરેલ નથી કે કરવા અંગે કોઈપણ પ્રકારના લેખિત, મૌખિક કરારો કરેલ નથી કે કોઈપણ પ્રકારે કોઈ વ્યકિતઓને સદર જમીનના વ્યવહારો કરવા બાબતે હકક અધિકાર આપેલ નથી, જેથી વર્તમાન પત્ર ગુજરાત મિત્ર મા આવેલ તા.૨૧/૫/૨૦૨૬ ચેતવણી સંદર્ભે કોઈએ ભરમાવવુ નહી કે કોઈપણ રીતે સદર જમીન અંગે કોઈપણ પ્રકારના ઈસમો સાથે કોઈ કાર્યવાહીઓ કરવી નહી.

તદઉપરાંત જાહેર ચેતવણીમા ગેરકાનુની રીતે એક એડવોકેટ સંબંધે શબ્દ પ્રયોગ કરેલ હોવાનુ અને તે અંગે ધી એડવોકેટ એકટ અન્વયે તથા એડવોકેટની શાખ અને પ્રતિષ્ઠા અને ગરીમા ઉપર અસર પહોચે તેવા શબ્દ પ્રયોગ કરવા બાબતે અમારા અસીલ વિરુધ્ધ કાર્યવાહી કરવા જે આડકતરુ દબાણ લાવવા તથા સદરહુ જમીનને સરકાર હસ્તક દાખલ કરી દેવા કાર્યવાહી કરવા જણાવેલ છે તો તે અંગે અમારા અસીલે સદર નોટીસમા કોઈપણ પ્રકારનુ એડવોકેટની પ્રતિષ્ઠા તથા ગરીમા ઉપર અસર પહોચે તેવી કે તેની બદનક્ષી થાય તે અંગેના કોઈપણ શબ્દો લખેલ નથી કે કોઈપણ પ્રકારે બદનક્ષી થાય તેવુ કૃત્ય કરેલ નથી તેમજ અમારા અસીલે સદરહુ જમીન બાબતે કોઈપણ પ્રકારના ટ્રાન્સફર, તબદીલને કે વેચાણને લગતા કોઈ કાર્યો કરેલ નથી જેથી સદરહુ જમીન સરકાર હસ્તક દાખલ થઈ શકે તેમ નથી તેમ છતા ચેતવણીમા જણાવ્યા મુજબ જો કોઈપણ રીતે અમારા અસીલ વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવામા આવશે તો તે અંગે અમારા અસીલ તેનો ચોકકસ બચાવ કરશે જે નકકી જાણવું તદ ઉપરાંત કહેવાતા ખોટા વેચાણ વ્યવહારો કરવા માંગતા ઈસમો વિરુધ્ધ કાયદેસરની પોલીસ ફરીયાદ દાખલ કરવાની તજવીજ અમારા અસીલે કરેલ છે જે જાણશો.

**સંજય એમ. દુધરેજીયા**
તે ગીરીશભાઈ સોમાભાઈ રાઠોડ ના એડવોકેટ
ઓફીસ : ૧૧૨, જલનીધી કોમ્પલેક્ષ, બહુમાળી બિલ્ડીંગ સામે, નાનપુરા, સુરત ૯૩૨૮૭૧૭૧૭૧